Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

સંદર્ભ : ૧. યુનિ. કાર્યાલયનો પરિપત્ર ક્રમાંક: જન/એસ્ટા/૩૫૬૮/૨૦૨૦, તા. ૨૧/૦૩/૨૦૨૦
૨. યુનિ. કાર્યાલયનો પરિપત્ર ક્રમાંક: જન/એસ્ટા/૩૫૬૯/૨૦૨૦, તા. ૨૩/૦૩/૨૦૨૦
૩. યુનિ. કાર્યાલયનો પરિપત્ર ક્રમાંક: જન/એસ્ટા/૩૫૭૦/૨૦૨૦, તા. ૨૪/૦૩/૨૦૨૦

યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, સ્વનિર્ભર અભ્યાસક્રમના કો-ઓર્ડિનેટરશ્રીઓ, વહીવટી વિભાગોના વડાશ્રીઓ અને યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ, તા. ૨૫/૦૩/૨૦૨૦થી નોવેલ કોરોના વાયરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રીતમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં રાજ્ય સરકારની આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ સરકારી કચેરી સિવાયની તમામ કચેરી તા. ૨૫/૦૩/૨૦૨૦ થી તા. ૧૪/૦૪/૨૦૨૦ સુધી બંધ રાખવાનો નિર્ણય કરેલ હોય વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તા. ૧૪/૦૪/૨૦૨૦ સુધી બંધ રહેશે અને યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને પણ સામાન્ય વહીવટ વિભાગના ઉપરોક્ત પરિપત્ર અન્વયે તેઓની કોલેજો બંધ રાખવા જણાવવામાં આવે છે. તમામ કર્મચારીઓને મુખ્ય મથક નહી છોડવા અને યુનિવર્સિટી તથા રાજ્ય સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવતી માર્ગદર્શિકા અને સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

વધુમાં, યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ હાલ મોકૂફ રાખવામાં આવે છે અને પરીસ્થિતી નિયંત્રણમાં આવ્યા બાદ પરીક્ષાઓનો વિગતવાર કાર્યક્રમ યુનિવર્સિટી વેબસાઇટ પર મૂકવામાં આવશે. જેની જાણ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ તમામ કર્મચારીઓને તથા સંબંધિત વિદ્યાર્થીઓને કરવા વિનંતી છે.

R. B. Patel
26-03-2020

ક્રમાંક: જન/એસ્ટા/૩૫૭૧/૨૦૨૦
તા. ૨૬/૦૩/૨૦૨૦

ઇ.ચા. કુલસચિવ

પ્રતિ,

૧. યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, સ્વનિર્ભર અભ્યાસક્રમના કો-ઓર્ડિનેટરશ્રીઓ, વહીવટી વિભાગોના વડાશ્રીઓ,
૨. યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,

...આપશ્રીના વિભાગ/કોલેજોના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને જાણ કરી ઘટતું થવા સારુ...